eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 85
January12, 2006

## આઈ.એ.એસ. ઓફિસર્સ ટ્રેઈની–૨૦૦૬ વિન્ટર સ્ટડી ટુર સુરત મહાનગરપાલિકાની મુલાકાતે




લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૬ બેચ ના ૧૨ અધિકારીઓની વિન્ટર સ્ટડી ટુર અંતગર્ત તા. ૦૨–૦૧–૨૦૦૭ થી તા. ૦૫–૦૧–૨૦૦૭ સુધી સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ૪ દિવસ દરમ્યાન પાંડેસરા ડાઈંગ પ્રિન્ટીંગ અને પ્રોસેસીંગ હાઉસ તથા કેમીકલ પ્લાન્ટ, ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુટ તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રી (કતારગામ), પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, નાગરિક સુવિધા કેન્દ્ર, સરથાણા પ્રાણી સંગ્રહાલય, ખજોદ ડિસ્પોઝલ સાઈટ, પાલ ટ્રાન્સફરટેશન, રાંદેર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિયર–કમ–કોઝવે, યુ.સી.ડી. સંચાલિત આંગણવાડી, સી. સી. રોડ, વરાછા ફલાય ઓવર બ્રીજ વગેરેની મુલાકાત લીધી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## આઈ.એ.એસ. ઓફિસર્સ ટ્રેઈની–૨૦૦૬ વિન્ટર સ્ટડી ટુર સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ. વ. પટેલ મ્યુઝિયમમાં મકર સંક્રાન્તીને ધ્યાનમાં લઈ પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખૂબ જાણીતું છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે પતંગનો ઈતિહાસ, પતંગો બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની અને કાચ બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે.



વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૧૩૩૬૯ ઈન્ડોર તથા ૩૮૯૦૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૭૮ તથા ૪૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૪૬૦૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૨૬ અને જુના ૪૩૪ દર્દીઓ સહિત કુલ ૭૬૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૪૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૩૦૬ તથા આંખ વિભાગમાં ૨૯૦૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

# આઈ.એ.એસ. ઓફિસર્સ ટ્રેઈની–૨૦૦૬ વિન્ટર સ્ટડી ટુર સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમીનીસ્ટ્રેશન, મસુરીના આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈની–૨૦૦૬ બેચ ના ૧૨ અધિકારીઓની વિન્ટર સ્ટડી ટુર અંતગર્ત તા. ૦૨–૦૧–૨૦૦૭ થી તા. ૦૫–૦૧–૨૦૦૭ સુધી સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ૪ દિવસ દરમ્યાન પાંડેસરા ડાઈંગ પ્રિન્ટીંગ અને પ્રોસેસીંગ હાઉસ તથા કેમીકલ પ્લાન્ટ, ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટયુટ તથા ડાયમંડ ઈન્ડસ્ટ્રી (કતારગામ), પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, નાગરિક સુવિધા કેન્દ્ર, સરથાણા પ્રાણી સંગ્રહાલય, ખજોદ ડિસ્પોઝલ સાઈટ, પાલ ટ્રાન્સફરટેશન, રાંદેર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિયર–કમ–કોઝવે, યુ.સી.ડી. સંચાલિત આંગણવાડી, સી. સી. રોડ, વરાછા ફલાય ઓવર બ્રીજ વગેરેની મુલાકાત લીધી હતી.

શહેરના વિવિધ સ્થળોની મુલાકાત બાદ તા. ૩–૧–૨૦૦૭ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જૂના સ્થાયી સમિતિ ખંડમાં ઈ–ગવર્નન્સ, તાજેતરમાં શહેરમાં આવેલ પૂર અંગેની ડોકયુમેન્ટરી, ઈનોવેશન ઈન અર્બન ગવર્નન્સ તથા વિઝન–૨૦૨૦નું પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશનમાં શહેરનો વિકાસ અને વહીવટી બાબતો તથા પૂર બાદ ખૂબ જ ઝડપથી શહેરનું પુનઃ સ્થાપન નિહાળી આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મહાનગરપાલિકાની વહીવટી સુધારણાની પ્રશંસા કરી હતી.



ત્યારબાદ તા. ૫–૧–૨૦૦૭ના રોજ બપોરે ૨.૩૦ કલાકે જૂના સ્થાયી સમિતિ ખંડમાં વિઝન–૨૦૨૦નું પ્રેઝન્ટેશન યોજાયું હતું. આ પ્રસંગે મેયર ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે, સુરતની પવિત્રભૂમિની ઔલિકક શકિત છે. ૧૯૯૫ પછી સુરતનો વિકાસ વહીવટી સુભગ સમન્વયને કારણે શકય બન્યો છે. સુરત ટેક્ષટાઈલ, ડાયમંડ, જરી ઉદ્યોગના કારણે વિશ્વ વિખ્યાત બન્યું છે. શહેરના વિકાસમાં પરપ્રાંતીયોનો ફાળો અનન્ય છે. ટૂંક સમયમાં એરપોર્ટના પ્રશ્નનું નિરાકરણ થતા અહીંના ઉદ્યોગો માટે વધુ સરળતા રહેશે.


આઈ.એ.એસ. ઓફીસર્સ ટ્રેઈનીના ટીમ લીડર શ્રી ભુવનેશ યાદવને મેયર ડો. કનુભાઈ માવાણીએ પ્રતિક ભેટ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ટ્રેઈની અધિકારીઓ ઉપરાંત ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, કમિશનરશ્રી પંકજ જોષી, ડી.ઓ.પી. શ્રી જે. એમ. પટેલ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.

TOP

# રોટરી ઈન્ટરનેશનલ ૨૦૦૬ સ્ટડી એક્ષચેન્જ ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

રોટરી કલબ ઓફ સુરત સી–ફેસના નેજા હેઠળ રોટરી ઈન્ટરનેશનલ ૨૦૦૬ ગૃપ સ્ટડી એક્ષચેન્જ ટીમ લીડર મિ. શેમ્યુઅલ ડોટન સહિત લીઆટ એલીરાઝ, યો રેટનર, માયા મોર મળી કુલ ચાર સભ્યોનું ઈઝરાયલનું પ્રતિનિધિ મંડળ તા.૯–૧–૨૦૦૭ના રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવ્યું હતું.



આ પ્રસંગે મહાનગરપાલિકાના જુના સ્થાયી સમિતિ રૂમમાં કમિશનરશ્રીની અધ્યક્ષતામાં સુરતના વિકાસ બાબતનું પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કમિશનરશ્રીએ ઈઝરાયલ પ્રતિનિધિ મંડળના સભ્યોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતું. સુરત શહેરના વિકાસ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી, પહેલા સુરત બંદર તરીકેનો વિકાસ થયો હતો, અહીં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાની કોઠી સ્થાપી હતી, આમ, વેપાર–વાણિજયથી ધમધમતું શહેર આજે વિરાટ ઔદ્યોગિક શહેર બની ચૂકયું છે, શહેરમાં ટેક્ષટાઈલ ઉદ્યોગો, જરી ઉદ્યોગ, ડાયમંડ ઉદ્યોગના કારણે વિશ્વભરમાં પ્રસિધ્ધ થયું છે. સુરતની મોટાભાગની વસ્તી હાલ પરપ્રાંતીય છે. શહેરની માળખાકીય સુવિધાઓ ઉપરાંત અન્ય સુવિધાઓ માટે મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. શહેરની આસપાસ હજીરા, પાંડેસરા, સચીન જેવા ઉદ્યોગોના કારણે હવા પ્રદૂષણના અંકુશ માટે શહેરની રીક્ષાઓ સી.એન.જી. કરવામાં આવી છે તથા ટૂંક સમયમાં જ મહાનગરપાલિકા ધ્વારા સી.એન.જી. બસ સેવા શરૂ કરવામાં આવનાર છે. તદઉપરાંત સુરત મહાનગરપાલિકાના ભાવિ આયોજનો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સુરત મહાનગરપાલિકાની વિકાસ તથા યુ.સી.ડી.ની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારીથી ઈઝરાયેલી મંડળ ખૂબ જ પ્રભાવિત થયું હતું.

TOP

# માહે ડીસેમ્બર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

**સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૧૩૩૬૯ ઈન્ડોર તથા ૩૮૯૦૯ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૩૭૮ તથા ૪૬૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૪૬૦૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૩૨૬ અને જુના ૪૩૪ દર્દીઓ સહિત કુલ ૭૬૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૪૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૩૦૬ તથા આંખ વિભાગમાં ૨૯૦૨ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૯૪૮૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.**



TOP